Seat No. : _______________

# AA-133

**April-2019**

**M.A., Sem.-II**

**409 : Gujarati**

**(ભાષા : સિદ્ધાંત અને વ્યવહાર)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (અ) ભાષાવિજ્ઞાનની વિવિધ શાખાઓનો સંક્ષિપ્તમાં પરિચય આપી, તેનો અન્ય વિદ્યાશાખાઓ સાથેનો સંબંધ જણાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બંને**)

(1) ભાષાવિજ્ઞાન અને સાહિત્ય

(2) ભાષાવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) 'ભાષાવિજ્ઞાન' પુસ્તકના લેખકનું નામ જણાવો.

(2) ભાષાનું વર્ગીકરણ કેટલી દૃષ્ટિએ થાય છે ? (બે, ત્રણ, ચાર)

(3) ભાષાવિજ્ઞાનનો સમાજવિજ્ઞાન સાથે ગાઢ સંબંધ છે. – વિધાન ખરૂં છે કે ખોટું ?

(4) ભાષાવિજ્ઞાનને શરીરવિજ્ઞાન સાથે નિકટનો સંબંધ છે. – વિધાન ખરૂં છે કે ખોટું ?

(5) ભાષાઓનું વર્ગીકરણ મુખ્યત્વે ઐતિહાસિક કે પારિવારિક અને આકૃતિમૂલક કે સ્વરૂપમૂલક રીતે થાય છે. – વિધાન ખરૂં છે કે ખોટું ?

(6) 'ધ્વનિવિજ્ઞાન' ભાષાવિજ્ઞાનની એક મહત્ત્વની શાખા છે. વિધાન ખરૂં છે કે ખોટું ?

2. (અ) ધ્વનિઘટક એટલે શું ? સમજાવી, અક્ષર અને સંધ્યક્ષર, સ્વર અને અર્ધસ્વર વિશે નોંધ લખો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બંને**)

(1) મર્મરત્વ અને મહાપ્રાણત્વ

(2) સાનુનાસિક સ્વરો અને નાસિક્ય વ્યંજનો

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) માન્ય ગુજરાતીમાં અર્થભેદક બનતા કુલ કેટલા સ્વરો છે ? (આઠ, નવ, દસ)

(2) ગુજરાતી ભાષાના કુલ કેટલા અર્ધસ્વર છે ?

(3) ગુજરાતીના સંઘર્ષી વ્યંજનો ત્રણ છે. – વિધાન ખરૂં છે કે ખોટું ?

(4) કોઈપણ એક કંઠ્ય વ્યંજન જણાવો.

(5) કોઈપણ એક દંત્ય વ્યંજન જણાવો.

(6) કોઈપણ એક મહાપ્રાણ સ્પર્શ વ્યંજન જણાવો.

3. (અ) રૂપઘટક, ઉપરૂપઘટક અને રૂપઘટકના પ્રકારોની ચર્ચા કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બંને**)

(1) અંગસાધક ઘટક

(2) પદસાધક ઘટક

(બ) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **3**

(1) 'ઉક્તિનો લઘુત્તમ સાર્થ અંશ તે રૂપઘટક' – વિધાન ખરૂં છે કે ખોટું ?

(2) 'બોલવું, બોલે, બોલશે, બોલતાં, બોલનાર, બોલકો'માં રૂપઘટક કયું છે ?

(3) 'Morphology' સંજ્ઞા માટે ગુજરાતીમાં પ્રયોજાતો શબ્દ જણાવો.

(4) 'રૂપઘટક' માટે પ્રયોજાતો અંગ્રેજી શબ્દ જણાવો.

(5) 'રૂપશાસ્ત્ર એટલે રૂપઘટકોનો અને શબ્દો બનાવવા માટેની તેની ગોઠવણીનો અભ્યાસ' – વિધાન ખરૂં છે કે ખોટું ?

4. (અ) પ્રાચીન ભારતીય આર્યથી મધ્યમ ભારતીય આર્ય સુધીના મુખ્ય ધ્વનિ પરિવર્તનો જણાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બંને**)

(1) ક્રિયાપદવાળા અને ક્રિયાપદ વિનાનાં વાક્યો

(2) સાદું, સંયુક્ત અને સંકુલ વાક્ય

(બ) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **3**

(1) 'વાક્ય રચનાનું એક મહત્ત્વનું પાસું વાક્યનો લય છે' – વિધાન ખરૂં છે કે ખોટું ?

(2) નીચેના વાક્યને ક્રિયાપદ વગરનું વાક્ય બનાવો :
તમે લેસન કર્યું છે ?

(3) નીચેના પૈકી કયું વાક્ય ક્રિયાપદ વગરનું છે ?
રમેશનું ભણતર સારું
રમેશ નિયમિત ભણે છે.

(4) નીચેના વાક્યને નિષેધવાક્ય બનાવો :
તમારી જવાબદારી મારા પર

(5) નીચેના સાદા વાક્ય પરથી પ્રેરક વાક્ય બનાવો :
તમે ગુજરાતી ભણશો ?